આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આદર્શો ગોખવા કરતાં આદર્શ ઘડવાં એ દરેક યુવાનનું લક્ષ્ય હોવું જોઇએ - પન્નાલાલ પટેલ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૧ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૫, મંગળવાર ; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વિધાનસભાના બજેટ સત્રનો તોફાની પ્રારંભ

વિધાનસભામાં ધ્યાનાકર્ષક પ્રસ્તાવ પર દોઢ કલાકની ચર્ચા પછી વિપક્ષનો સભાત્યાગ

વિધાનસભાના પ્રથમ દિવસે જ ગૃહમાં સ્વાઈન ફ્લુનો મુદ્દો ખુબ ઉછળ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભામાં આજે પહેલીવાર ધ્યાનાકર્ષક પ્રસ્તાવ પર ૧॥ કલાકની વિસ્તૃત ચર્ચાને અંતે વિપક્ષએ વોક-આઉટ કર્યો હતો.

ગુજરાત વિધાનસભાના આજથી શરૂ થયેલા અંદાજપત્ર સત્રના પ્રથમ દિવસે જ વિપક્ષે આક્રમક વલણ અખત્યાર કરી સત્ર તોફાની બની રહેશે તેના સંકેતો આપ્યા હતા.

ભાજપના ધારાસભ્ય શ્રી સુરેશ પટેલના ધ્યાનાકર્ષક પ્રસ્તાવ રજુ થાય તે પૂર્વે જ વિપક્ષના દંડક બલવંતસિંહ રાજપૂતે સ્વાઈન ફ્લુ અંગે ખાસ ચર્ચાની કરાયેલી માંગણીનો મુદ્દો ઉપસ્થિત કરી વાતાવરણને ગરમાવ્યુ હતુ.

ભાજપના મણિનગરના ધારાસભ્ય શ્રી સુરેશ પટેલે સ્વાઈન ફ્લુ અંગે નિયમ-૧૧૬ અન્વયે ધ્યાનાકર્ષક પ્રસ્તાવ રજુ કર્યો હતો. આરોગ્ય મંત્રીશ્રી નિતિન પટેલે સભ્યોના પ્રશ્નોના વિગતવાર ઉત્તરો આપવાનો પ્રયાસ કર્યો હતો.

વિધાનસભાની તવારિખીમાં પ્રથમવાર ધ્યાનાકષક પ્રસ્તાવ પર દોઢ કલાક સુધી ગૃહના તમામ સભ્યોએ સ્વાઈન ફ્લુની સ્થિતિ ખુબજ ગંભીર બની રહી છે. કોંગીના સભ્યો રાઘવજીભાઈ પટેલ, ડૉ. તેજશ્રીબેન પટેલ, ડૉ. અનિલ જોશીઆરા, શૈલેષભાઈ પરમાર, શ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી ગોવાભાઈ રબારી, શ્રી સુરેશ પટેલ, ભાજપના શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી સૌએ આ રોગચાળાની સ્થિતિ અને સરકારે લીધેલા પગલાંઓની વિગતો જાણવા માગી હતી.

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્વાઈન ફ્લુ અંગે ભારત સરકારના આરોગ્ય વિભાગ તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા અપાયેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ સારવાર આપવામાં આવી રહી છે. રાજ્યમાં ૨૬૩૭ દર્દીઓ ૧લી જાન્યુઆરીથી આજ સુધીમાં નોંધાયેલા છે. ૫૫ ટકાથી પણ વધુ દર્દીઓ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે સ્વાઈન ફ્લુના કેસોને ધ્યાને રાખી વધુ ત્રણ લેબોરેટરીઓ નવી ભાવનગર, કચ્છ અને વડોદરા ખાતે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

સ્વાઈન ફ્લુના મુદ્દે કોંગ્રેસે રાજ્યપાલનું સંબોધન ખોરવ્યુ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીને આજે વિધાનસભા ગૃહના સંબોધન દરમ્યાન ખલેલ પહોંચાડવા કોંગ્રેસના સભ્યો દ્વારા ગૃહમાં કાગળો ઉછાળવા, કાગળના ડુચા તેમની તરફ ફેંકવા તેમજ સૂત્રોચ્ચાર અને ટ્રેઝરી બેંચ પર માસ્ક તેમજ પત્રિકાઓનું વિતરણ કરી ભારે ધાંધલ ધમાલ મચાવી હતી.

રાજ્યના રાજ્યપાલશ્રી ગૃહમાં આ અંતરાયોને કારણે માત્ર ૧૨ મિનિટમાં જ પોતાનુ પ્રવચન ટુંકાવી અને બાકીનું પ્રવચન તેમણે વાંચ્યુ છે તેમ ગણી લેવા જણાવી દીધુ હતુ.

કોંગ્રેસના એક સભ્યશ્રી ગ્લાસુદ્દીન શેખ તો સ્પીકરની વેલ પાસે જઈ રાજ્યપાલશ્રીને માસ્ક આપી આવ્યા હતા. તો તેજશ્રીબેન પટેલ મુખ્યમંત્રીને માસ્ક આપી આવ્યા હતા. આ ઉપરાંત કોંગીના અન્ય સભ્યો પણ આરોગ્ય મંત્રી નીતિન પટેલ, શંકરભાઈ ચૌધરીને માસ્ક અને પત્રિકાઓ આપી આવ્યા હતા.

રાજ્યપાલશ્રીના પ્રવચન દરમ્યાન પાટલીઓ થપથપાવી કોંગ્રેસના સભ્યોએ સ્વાઈન ફ્લુથી ગુજરાતને બચાવોની માંગ સાથેના સૂત્રોચ્ચાર કરતા રહ્યા હતા. એક તબક્કે આ સભ્યો વિપક્ષી નેતા નજીકની વેલમાં આવી સ્વાઈનફ્લુ ભગાવો ગુજરાત બચાવો લખેલા કાગળો દર્શાવતા નજરે પડ્યા હતા. તેમજ તેમના ટેબલ પરની ટપાલો અને કાગળો ફાડી નાખી તેને ઉડાડ્યા હતા.

રાજ્યપાલશ્રીના સંબોધન દરમ્યાન વાયબ્રન્ટ સમીટની સફળતાની જાહેરાતને ભાજપના સભ્યોએ પાટલી થપથપાવી વધાવી ત્યારે ગૃહમાં ભારે ધાંધલ જેવુ વાતાવરણ થઈ જવા પામ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

રાજ્ય આરોગ્ય મંત્રી પણ સ્વાઈન ફ્લુની ઝપટમાં

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના આરોગ્ય-શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીને સાંજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં પાટનગરના રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામેલ છે.

આજે તેમણે વિધાનસભા ગૃહમાં હાજરી આપી હતી તેમજ સ્વાઈન ફ્લુની ચર્ચા દરમ્યાન તેમનો ઉલ્લેખ થતાં તેમણે ઉભા થઈ સ્પષ્ટતા પણ કરી હતી.

વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, કચ્છના ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા પછી ત્રીજા રાજકારણી સ્વાઈન ફ્લુની ઝપટમાં આવ્યા છે. રાજ્યકક્ષાના મંત્રી તરીકે તેઓ સ્વાઈન ફ્લુના કેસોની વધતી જતી સંખ્યાને લઈ વિવિધ હોસ્પિટલોની મુલાકાતોમાં વ્યસ્ત હોવાથી તેમને આ અસર થઈ હોવાની વ્યાપક ચર્ચાઓ પાટનગરમાં સચિવાલય ખાતે થતી સંભાળવા મળી હતી.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ નવ કેસ

માણસા તાલુકાના આધેડનું સારવાર દરમ્યાન મોત : શહેરમાં પાંચ સ્થાનો પર આયુર્વેદ કચેરી દ્વારા ઉકાળા વિતરણ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુનો ભરડો વધુને વધુ કસાઈ રહ્યો છે. આજે પણ વધુ નવ કેસ પોઝીટીવ મળી આવતાં તંત્રના અધિકારીઓની દોડધામ પણ ચરમસીમાએ પહોંચી છે.

આજે ગાંધીનગર શહેરના પાંચ થી વધુ જાહેર સ્થાનો પર આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરાયુ હતુ અને તે જોવા માટે જિલ્લાના પ્રભારી સચિવ શ્રી ડાગુર, જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાન, જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલ, અધિક જિલ્લા કલેક્ટર ડૉ. એમ.બી. મોડિયા, મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરી, આસિ. કમિશનર શ્રી એસ.એમ. ચૌધરીનો કાફલો નીકળ્યો હતો. એસ.ટી. ડેપો, ઘ-૫ સર્કલ, નવા સચિવાલયના કેટ નં. ૧ પર તેમજ કલેક્ટર કચેરી, મધુર ડેરી સહિતના સ્થળો પર આ અંગેના કેમ્પ કરવામાં આવ્યા હતા.

જિલ્લામાં સ્વાઈન ફ્લુ પોઝીટીવના વધુ નવ કેસ નોંધાતા આ રોગના દર્દીઓની સંખ્યા ૧૧૮ પર પહોંચી છે. આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરના ૨, કલોલ-૨, દહેગામ-૨, ગાંધીનગર શહેરના બે કેસ તેમજ માણસાના એક કેસનો સમાવેશ થાય છે.

માણસા તુલાકના એક દર્દીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. આ સાથે જિલ્લામાં આ રોગથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૧૪ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ સારવાર હેઠળ ૫૭ દર્દીઓ છે જ્યારે ૪૭ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

વિધાનસભાના ઉપાધ્યક્ષ પદે ભાજપના ધારાસભ્ય આત્મારામ પરમાર નિશ્ચિત

૨૫મી ફેબ્રુઆરીએ ચૂંટણી થશે : જોકે સંખ્યાબળના કારણે વિજય આસાન

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ભાજપના આત્મારામ પરમારનો વિજય નિશ્ચિત માનવામાં આવી રહ્યો છે, કારણ કે આ પદ માટે પાર્ટી પાસે પુરતા સભ્યોનો ટેકો છે. ઉપાધ્યક્ષની ચૂંટણી ૨૫મી ફેબ્રુઆરીએ યોજવામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસ પાર્ટીએ પણ તેમના ઉમેદવાર મૂકવાની યોજના બનાવી છે.

ઉપાધ્યક્ષ પદ માટે સત્તાધારી ભાજપ તરફથી ગઢડાના ધારાસભ્ય આત્મોરામ પરમારને ઉમેદવારી કરાવવાનું નક્કી કરતાં તેમણે આજે વિધાનસભામાં ફોર્મ ભર્યુ છે. પરમાર હાલ વિધાનસભાના દંડક છે અને અગાઉ રાજ્યકક્ષાના મંત્રી તરીકે રહી ચૂકયા છે. આજે બપોરથી શરૂ

● અનુસંધાન પાન-૭ પર

વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો

જિલ્લા વિકાસ વિક્ટર મેકવાન બદલાયા : ગાંધીનગર ડી.ડી.ઓ. તરીકે કે. એમ. ભીમજીયાણી નિમાયા : ૭૨ સનદી અધિકારીઓ બદલાયા : ગાંધીનગરમાં અધિક કલેક્ટર ડૉ. એમ.બી. મોડીયા આણંદ ડી.ડી.ઓ. જ્યારે ભાર્ગવી દવે અમદાવાદ ડી.ડી.ઓ. : માહિતી કમિશનર તરીકે એસ.બી. રાવલ નિમાયા

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના ૭૨ સનદી અધિકારીઓની બદલીના હુકમો કરાતા વહીવટી તંત્રમાં ભારે ખળભળાય સર્જાયો હતો. નવ નિયુક્ત સનદી અધિકારીઓની નિમણુંકના હુકમોની સાથો સાથ ડી.ડી.ઓ., કલેક્ટરના બદલીના હુકમો પણ કરાયા છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી વિક્ટર મેકવાન બદલાતા તેમના સ્થાને કે. એમ. ભીમજીયાણી નિમાયા છે. જ્યારે ગાંધીનગરના અધિક કલેક્ટર તરીકે ફરજો બજાવતા ડૉ. એમ.બી. મોડિયાને આણંદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ડૉ. મોડિયાને તાજેતરમાં આઈએએસ તરીકે બઢતી આપવામાં આવી છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે ૭૨ જેટલા સનદી અધિકારીઓની બદલી-બઢતીના હુકમો કર્યા છે. જેમાં શ્રી મોડિયાને આણંદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ભાર્ગવી દવેને અમદાવાદ ડી.ડી.ઓ., શ્રી એસ.કે. લાંગાને મહેસાણા ડી.ડી.ઓ. તરીકે, વડોદરા કલેક્ટર તરીકે અવંતિકાસિંઘ ઔલખને, વડોદરા કલેક્ટર વિનોદ રાવને એન.આર.એચ.એચ.ના ડાયરેક્ટર તરીકે, એચ.આર. સુથારને અમરેલી કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે.

યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ તરીકે મનીષ ભારદ્વાજ તથા માહિતી કમિશનર તરીકે એસ. બી. રાવલની નિમણુંકના હુકમો કરાયા છે. ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર જી. આર. ચૌધરીની સુપર સ્કેલમાં બઢતી અપાઈ છે. એ જ રીતે મુખ્યમંત્રીના સચિવ શ્રી અજય ભાદુને પણ બઢતીના હુકમો કરાયા છે.

મોડીરાત્રે થયેલ બદલીના હુકમોમાં હજુ પણ વધુ બદલીની શક્યતાઓ પડઘાય છે. કેટલાક ઉચ્ચ અધિકારીઓની બદલીના હુકમો પેન્ડીંગ રખાયા છે. એકાદ બે દિવસમાં વધુ હુકમોની શક્યતા નકારી શકાય તેમ નથી.

કોની ક્યાં બદલી

એચ.આર. પટેલ	ડી.ડી.ઓ., ભાવનગર	કલેક્ટર, અમરેલી
ડૉ. ધવલ કે. પટેલ	ડી.ડી.ઓ., રાજકોટ	કલેક્ટર, આણંદ
ડૉ. વિ. પાન્ડે	કલેક્ટર, વલસાડ	કલેક્ટર, ભરૂચ
બંછાનિધિ પાની	કલેક્ટર, સા. કાંઠા	કલેક્ટર, ભાવનગર
આદ્રા અગ્રવાલ	કમિશનર મહિલા બાળ વિકાસ	કલેક્ટર, ડાંગ-આહવા
પી. સ્વરૂપ	નિયામક ઈન્ડેક્ષ-બી	કલેક્ટર, સાબરકાંઠા
ઉદીત અગ્રવાલ	ડી.ડી.ઓ., અમદાવાદ	કલેક્ટર, સુરેન્દ્રનગર
ડી.જી. પટેલ	મ્યુનિ. કમિશનર, જુનાગઢ	કલેક્ટર, પોરબંદર
અવંતિકાસિંઘ ઔલખ	કલેક્ટર, ભરૂચ,	કલેક્ટર, વડોદરા
રવિશંકર અરોરા	કલેક્ટર, મહીસાગર	કલેક્ટર, વલસાડ
બી.લી. પટ્ટણી	ડી.ડી.ઓ., પોરબંદર	કલેક્ટર, તાપી-વ્યારા
એસ.કે. પંડ્યા	કલેક્ટર, દ્વારકા	કલેક્ટર, બોટાદ
આર.જે. મકવાણા	ડી.ડી.ઓ., જામનગર	કલેક્ટર, દ્વારકા
ડૉ. અજયકુમાર	કલેક્ટર, અમરેલી	કલેક્ટર, ગીર-સોમનાથ
એસ. યાનુન્દ્રો	ડી.ડી.ઓ., રાજપીપળા	કલેક્ટર, અરવલ્લી
કે.બી. ઉપાધ્યાય	ડી.ડી.ઓ., વ્યારા	કલેક્ટર, મહીસાગર
એસ.એમ. પટેલ	ડી.ડી.ઓ., આણંદ	કલેક્ટર, મોરબી
આર.જે. માંકોડીયા	ડી.ડી.ઓ., જામનગર	કલેક્ટર, દ્વારકા
કુ. ભાર્ગવી દવે	ડાયરેક્ટર, ડી.આર.ડી.એ. સા.કાંઠા	ડી.ડી.ઓ. અમદાવાદ

● અનુસંધાન પાન-૭ પર

ચાલો ભાવનગર આઈશ્રી ખોડીયારના દર્શને

દર વર્ષે માંઈ ભક્તોને ભાવનગર સ્થિત ખોડીયાર માતાના મંદિર દર્શન માટે લઈ જવા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે પણ આગામી તા. ૧લી માર્ચના રોજ સવારે ૬-૦૦ કલાકે સીટી પલ્સ થિયેટર નજીક આવેલા રાંદેસણ ગામથી ભાવનગર જવા માટે લકઝરી બસ ઉપાડવામાં આવશે. સાંજે ૬-૦૦ કલાકે બસ માંઈ ભક્તોને લઈને પરત કરશે જે માંઈ ભક્તોને વિનામૂલ્યે માતાજીના દર્શને આવવાની ઈચ્છા હોય તેમણે અજીતસિંહ ગોહીલનો સંપર્ક કરવા જણાવાયું છે.

અજીતસિંહ ગોહીલ
(રાંદેસણ)
પ્રમુખ, ગુજરાત એસોસીએશન ઓફ લોયર્સ, ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૩૬૭૫૨